વિસર્જન બાદ મૂર્તિઓની રઝળતી હાલતને પગલે ધર્મપ્રેમી જનતામાં ભારે રોષ

નંદેસરીમાં POPની ગણેશ પ્રતિમાઓની દુર્દશા







ડીજે અને ફટાકડા પાછળ લાખોનો ખર્ચ, પણ માટીની મૂર્તિ સામે અનીચ્છા કેમ?

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરાના નંદેસરી ગામ પાસે તંત્ર દ્વારા બનાવવામાં આવેલા કુત્રિમ તળાવમાં ગણેશોત્સવ બાદ ભગવાન ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જોકે, પીઓપીની બનેલી આ મૂર્તિઓ પાણીમાં ઓગળવાને બદલે અકબંધ રહીને હાલમાં રઝળતી અને દયનીય હાલતમાં જોવા મળી રહી છે, જેને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ અને ચિંતા પ્રવર્તી રહી છે. નંદેસરી ગામમાં રહેતા જયદીપ નામના એક જાગૃત યુવકે આ ગંભીર બાબતને ઉજાગર કરતો એક વીડિયો પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યો છે. આ વીડિયોમાં તેમણે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ઉત્સવ દરમિયાન ડીજે, ભવ્ય ડેકોરેશન અને ફટાકડા પાછળ દોઢથી બે લાખ રૂપિયાનો મબલખ ખર્ચ કરવામાં આવે છે, પરંતુ પર્યાવરણને અનુકૂળ અને પાણીમાં સરળતાથી ઓગળી જાય તેવી માટીની મૂર્તિઓ ખરીદવામાં લોકો પાછા પડી રહ્યા છે. વીડિયોમાં યુવકે ભાવુક થઈને જણાવ્યું કે જે ભગવાનની નવ દિવસ સુધી આસ્થાપૂર્વક પૂજા-અર્ચના કરવામાં આવે છે અને ભક્તો પોતાની મનોકામનાઓ રજૂ કરે છે, વિસર્જન બાદ તે જ મૂર્તિઓની આવી ઉપેક્ષિત અને રઝળતી હાલત જોઈને મન વ્યથિત થઈ જાય છે. આ વીડિયોના માધ્યમથી તંત્ર અને જનતાને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યુવકે નાગરિકોને નમ્ર અપીલ કરી છે કે આગામી સમયમાં ભવ્ય મનોરંજન અને ડીજે પાછળનો ખર્ચ ઘટાડીને ઇકો-ફ્રેન્ડલી માટીની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવે. માટીની મૂર્તિઓનું વિસર્જન સ્થાપન સ્થળે જ સરળતાથી થઈ શકે છે અને તેની માટીને છોડ રોપવામાં ઉપયોગમાં લઈ શકાય છે, જેથી પ્રકૃતિનું જતન થવાની સાથે ભગવાનની પવિત્રતા પણ જળવાઈ રહે. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ હવે પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિક લોકોમાં પી.ઓ.પી. ની મૂર્તિઓ સામે પ્રતિબંધ મૂકવા તથા માટીની મૂર્તિઓ અપનાવવાની માંગ પ્રબળ બની છે.

એસએસજી હોસ્પિટલ નજીક થાર કારમાં વેચાણ કરવા આવ્યા હતાં

મેફેડ્રોન-હાઈબ્રિડ ગાંજાનું વેચાણ કરવા નીકળેલા બે યુવકો ઝડપાયા

રાવપુરા પોલીસ અને એલસીબી ઝોન-2ની ટીમે 6 ગ્રામ મેફેડ્રોન, 8 ગ્રામ હાઇબ્રિડ ગાંજો સહિત રૂ.16 લાખનો મુદ્દામાલ કબજે કર્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.16

શહેરમાં નશાના કારોબાર સામે પોલીસની કાર્યવાહી વચ્ચે એસએસજી હોસ્પિટલના રુકમણી ચૈનાની પ્રસૂતિગૃહ સામેના રોડ પરથી મેફેડ્રોન અને હાઇબ્રિડ ગાંજાના જથ્થા સાથે બે યુવકો ઝડપાતા ચકચાર મચી છે. એલસીબી ઝોન-2ની ટીમે રાવપુરા પોલીસ સાથે મળીને મધરાતે થાર ગાડીમાં ડ્રગ્સનું વેચાણ કરવા નીકળેલા બે યુવકોને ઝડપી પાડ્યા હતા. પોલીસને તેમની પાસેથી મેફેડ્રોન અને હાઇબ્રિડ ગાંજા ઉપરાંત ડિજિટલ વજનકાંટો, મોબાઇલ ફોન અને રોકડા મળી રૂ.16 લાખથી વધુનો મુદ્દામાલ મળી આવ્યો હતો. વડોદરા શહેરના રાવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસએસજી હોસ્પિટલ નજીકથી ડ્રગ્સના કારોબારનો પર્દાફાશ થયો છે. પોલીસની તપાસમાં અમાન શાહીદ મેમણ (ઉં.વ.23), રહે. ફાતીમા રેસિડેન્સી, ગોરવા અને શાફીનરઝા રિઝવાનઅલી સારાણી (ઉં.વ.21), રહે. હયાત રેસિડેન્સી, તાંદલજા નામના બે યુવકોની સંડોવણી સામે આવી છે. બંને યુવકો થાર ગાડીમાં મેફેડ્રોન અને હાઇબ્રિડ ગાંજાનો જથ્થો વેચાણ કરવાના ઇરાદે નીકળ્યા હતા. દરમિયાન 16 નવેમ્બરના રોજ રાત્રે 2:45 વાગ્યાના અરસામાં એસએસજી હોસ્પિટલના રુકમણી ચૈનાની પ્રસૂતિગૃહ સામેના રોડ પરથી પોલીસે બંનેને ઝડપી પાડ્યા હતા. પોલીસે શાફીનરઝા પાસેથી પારદર્શક પ્લાસ્ટિકની થેલીમાં રાખેલું 6 ગ્રામ મેફેડ્રોન, જેની કિંમત રૂ.18 હજાર થાય છે, જ્યારે 8 ગ્રામ હાઈબ્રિડ ગાંજો, જેની કિંમત રૂ.28 હજાર થાય છે, તે કબજે કર્યો હતો. આ ઉપરાંત ડ્રગ્સના છૂટક વેચાણ માટે ઉપયોગમાં લેવાતો ડિજિટલ વજનકાંટો, એપલ-17 પ્રો સહિત બે મોબાઈલ ફોન, રોકડા રૂ.19,400 અને ડ્રગ્સના જથ્થાના પેકિંગમાં વપરાયેલી ખાલી થેલીઓ પણ મળી આવી હતી. આ ઉપરાંત ડ્રગ્સના વેચાણ માટે ઉપયોગમાં લેવાયેલી રૂ.15 લાખની થાર ગાડી પણ પોલીસે કબજે કરી હતી. આમ, પોલીસે બંને યુવકો પાસેથી રૂ.16 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સ્થાનિકો અને કોંગ્રેસના વિરોધ બાદ પાલિકાની સ્થાયી સમિતિનો નિર્ણય

પૂર નિયંત્રણ માટે ભૂખી કાંસની રી-રૂટનું સ્થળ બદલવાની દરખાસ્તને મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

શહેરના વિવિધ વિસ્તારોમાં સર્જાતી પૂરની સમસ્યાના કાયમી નિવારણ માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્થાનિક રહીશો અને કોંગ્રેસ દ્વારા થયેલા ભારે વિરોધ બાદ પાલિકાની સ્થાયી સમિતિએ ભૂખી કાંસની રી-રૂટ કામગીરીનું સ્થળ બદલવાની દરખાસ્તને મંજૂરી આપી છે. અગાઉના આયોજન મુજબ છાણી તળાવથી એકતાનગર થઈને નિઝામપુરા સ્મશાન અને કાલાઘોડા ખાતે વિશ્વામિત્રી નદીમાં ઠલવાતા પાણીને નર્મદા કેનાલના સાયફનથી છાણી રોડ, નવાયાર્ડ રોડ અને નિઝામપુરા તરફ ડાયવર્ટ કરવાની યોજના હતી. જોકે, આ આયોજનમાં ફેરફાર કરીને હવે સોકળા નાળાથી શહેરમાં આવતા વરસાદી પાણીને હાઈવેને



સમાંતર ૧૨ મીટરના રસ્તે થઈને શહેર બહાર ડેણા તરફ વિશ્વામિત્રી નદીમાં ઠલવવામાં આવશે. આ માટે આશરે ૪.૫ કિલોમીટર લાંબી નવી વરસાદી ચેનલ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ અંગે અગાઉ રૂ. ૩૯ કરોડના ખર્ચના આયોજનમાં ૨.૫ કિલોમીટર સુધીની કામગીરી થ વાની હતી, જ્યારે બાકીના ૨.૪ કિલોમીટરના કામ માટે રૂ. ૫૩.૬૧ કરોડના વધારાના ખર્ચની દરખાસ્તને સ્થાયી સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. વોર્ડ નંબર ૧ના કોર્પોરેટર હરીશ પટેલ દ્વારા આ મુ દ્દે સતત રજૂઆતો કરવામાં આવી રહી હતી અને મંજૂરી મળતા તેઓએ આ નિર્ણયને આવકાર્યો છે. નવી ચેનલ બનવાથી ભૂખી કાંસનું પાણી હાઈવે પાસેથી જ સીધું નદીમાં વહી જ શે, જેનાથી નિઝામપુરા અને સ મા સહિતના નીચાણવાળા વિ સ્તારોમાં પાણી ભરાવાની સમસ્યામાંથી રાહત મળશે. કોર્પોરેટર હરીશ પટેલે જણાવ્યું હતું કે આજવા સરોવર માંથી છોડાતું પાણી પ્રતાપ સરોવર થઈ આસોજ અને દુમાડ ગામ મારફ તે છાણી ગામમાં પ્રવેશે છે. આ યોજના હેઠળ દુમાડ ગામમાંથી નેશનલ હાઈવે-૪૮ પાસેથી લગભગ ૫૦ ટકા પાણી ડાયવર્ટ કરીને સીધું વિશ્વામિત્રી નદીમાં ઠલવાશે.

બુટલેગર લાલુ સિંધી ગેંગના સાગરિતને રાહત ન મળી

મુકેશ ઉર્ફે મુકુ મખીજાનીના વચગાળાના જામીન નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

એક તરફ 72 વર્ષીય માતાને લાસ્ટ સ્ટેજનું કેન્સર, બીજી તરફ સંગઠિત ગુનાખોરીના ગંભીર આરોપમાં પુત્ર જેલમાં છે. માતાની સારવાર અને દેખરેખ માટે જેલમાંથી બહાર આવવા માટે જામીન અરજી મૂકી હતી પરંતુ લાલુ સિંધિ ગેંગના આરોપી મુકેશ મખીજાનીને ગુજસીટોક કોર્ટે રાહત આપવાનો ઇનકાર કર્યો છે. પરિવારના અન્ય સભ્યો માતાની સંભાળ રાખી શકે તેવી નોંધ સાથે કોર્ટે વચગાળાના જામીનની અરજી ફગાવી દીધી છે. વડોદરાની ગુજસીટોક સ્પેશિયલ કોર્ટમાં લાલુ સિંધિ ગેંગ સાથે સંકળાયેલા આરોપી મુકેશ ઉર્ફે મુકુ નારાયણદાસ મખીજાનીની વચગાળાના જામીનની અરજી પર રસપ્રદ દલીલો થઈ હતી. આરોપી તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, તેની 72 વર્ષીય માતા દેવકીબેનને અગાઉ થયેલું કેન્સર ફરી ઊથલ્યું છે. પેટ અને ગળામાં ગાંઠો થઈ છે અને કેન્સર આખા શરીરમાં ફેલાઈ ગયું હોવાથી તેમની હાલત ગંભીર છે. આવી સ્થિતિમાં માતાની સંભાળ માટે પુત્રને વચગાળાના જામીન આપવા માગ કરાઈ હતી. જોકે, સરકાર તરફે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ આ દલીલનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, આરોપીનો ગુનામાં પ્રથમદર્શનીય સક્રિય રોલ છે. ઉપરાંત માતાની સંભાળ માટે આરોપીના 25 વર્ષીય પુત્ર, 22 વર્ષીય પુત્રી અને ત્રણ બહેનો પણ છે. તેથી માતાની દેખરેખ માટે આરોપીની જ હાજરી અનિવાર્ય નથી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સ્પેશિયલ જજ ભુપેન્દ્રકુમાર જી. દવેએ આરોપીની વચગાળાની જામીન અરજી નામંજૂર કરી હતી. આમ, માતાની ગંભીર બીમારીનો હવાલો આપીને જેલ બહાર આવવાની આરોપીની આશા પર હાલ પૂરતું પાણી ફરી વળ્યું છે.

કોઈ જાનહાનિ ન થતાં હાશકારો

વાઘોડિયા બ્રિજ પર ખાનગી બસ-કાર વચ્ચે અકસ્માત, કાર દૂર સુધી ઢસડાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરના વાઘોડિયા બ્રિજ પર આજે એક ખાનગી ટ્રાવેલ્સની બેકાબૂ બનેલી સ્લીપર કોચ બસે એક કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં બસ ચાલકે કારને બ્રિજ પર દૂર સુધી ઢસડી હતી. જોકે, આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ ન થતાં હાજર સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. યુવીકા એક્સપ્રેસ નામની ખાનગી ટ્રાવેલ્સની સ્લીપર કોચ બસ વાઘોડિયા બ્રિજ પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન બસ ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા આગળ જઈ રહેલી એક કારને અડફેટે લીધી હતી. ટક્કર વાગ્યા બાદ પણ બસ તાત્કાલિક ઊભી ન રહેતા કાર બસની સાથે દૂર સુધી ઢસડાઈ હતી, જેના કારણે કારને નુકસાન પહોંચ્યું હતું. અકસ્માતને લઈ અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકટોળા એકત્ર થઈ જતાં બ્રિજ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક કારમાં સવાર લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. આ ગંભીર અકસ્માતમાં કારમાં સવાર મુસાફરોનો બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ નોંધાઈ ન હતી. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો



હતો. પોલીસે બ્રિજ પર એકત્ર થયેલા ટોળાને વિખેરીને ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. હાલ પોલીસે આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઘર તરફ જવા નીકળેલા વૃદ્ધના મોતથી પરિવારમાં માતમ

તરસવા ગામે રિવર્સમાં દોડતી ઈક્કો કારે અડફેટે વૃદ્ધનું મોત

વાઘોડિયા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વાઘોડિયા તાલુકાના તરસવા ગામમાં બેફામ વાહનચાલકની બેદરકારીના કારણે વધુ એક નિર્દોષનો જીવ ગયો છે. રિવર્સમાં પૂરઝડપે દોડતી ઈક્કો કારે ઘર તરફ પગપાળા જઈ રહેલા 65 વર્ષીય વૃદ્ધને અડફેટે લેતાં તેમનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું. ગામની ભાગોળે બનેલી આ ઘટનાને પગલે સ્થાનિકોમાં અરેરાટી ફેલાઈ છે. અકસ્માત મામલે વાઘોડિયા પોલીસે કારચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ સમગ્ર ઘટના અંગે પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, તરસવા ગામના મંદિર ફળિયામાં રહેતા ચંદ્રકાંતભાઈ વિઠ્ઠલભાઈ પરમાર (ઉં.વ.65) ગત 15 નવેમ્બરના રોજ સાંજે આશરે સાડા પાંચ વાગ્યાના અરસામાં ગામની ભાગોળેથી પગપાળા પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા.

આ ઈક્કો કારના ચાલક વિજયભાઈ ભારતભાઈ પરમારે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક કાર રિવર્સમાં હંકારી હતી. કારચાલકે પાછળની તરફ પૂરઝડપે કાર હંકારતાં રસ્તા પરથી પસાર થઈ રહેલા ચંદ્રકાંતભાઈને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતને પગલે વૃદ્ધ રસ્તા પર જોરદાર રીતે પટકાયા હતા અને તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ દુર્ઘટનામાં તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતકના પુત્ર વસંતકુમાર પરમારની ફરિયાદના આધારે વાઘોડિયા પોલીસે ઈક્કો કારચાલક વિજયભાઈ પરમાર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વલણ પાસે ટ્રેનની અડફેટે યુવકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

કરજણ તાલુકાના વલણ ગામની સીમમાં રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે આવી જતાં 35 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ટ્રેનની ટક્કર એટલી ભયાનક હતી કે યુવકનો કમરથી નીચેનો ભાગ અને જમણો પગ કપાઈ ગયો હતો. આ ગમખ્વાર બનાવને પગલે પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. વલણ ગામના ડેરી ફળિયામાં રહેતા રાજુભાઈ મંગળભાઈ રાઠોડિયા ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા હતા. ગત 15 નવેમ્બરના રોજ સવારે આશરે 11:30 વાગ્યાના અરસામાં તેઓ વડોદરાથી ભરૂચ તરફ જતી રેલવે લાઈન પર થાંભલા નંબર 352/17થી 352/19 વચ્ચે કોઈ અગમ્ય કારણોસર ટ્રેનની અડફેટે આવી ગયા હતા. ચાલુ ટ્રેનની જોરદાર ટક્કર વાગતાં રાજુભાઈને કમરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમનો જમણો પગ પણ કપાઈ ગયો હતો. આ ઉપરાંત માથા તથા હાથના ભાગે પણ ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

કલેક્ટરની બેઠક છતાં કાર્યવાહી શૂન્ય

બુલેટ ટ્રેન સ્ટેશન સામે ૫૦ ઝૂંપડાંનાં દબાણો મુદ્દે તંત્રની એકબીજાને ખો

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરાના બુલેટ ટ્રેન સ્ટેશન વિસ્તારની સામે સર્વે નંબર ૬૧૧માં આવેલી રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગની જમીન મલ્ટી લેવલ પાર્કિંગ તથા ફૂટ ઓવરબ્રિજના નિર્માણ હેતુ માટે લેવામાં આવી છે. આ હેતુસર ૧૭,૯૦૮.૪,૮૩૬ ચોરસ મીટર જમીન સંપાદિત કરવામાં આવી છે, જ્યાં હાલ પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે. જોકે, સ્ટેશન નજીકથી પસાર થતા ખુલ્લા વરસાદી કાંસના કાંઠે આશરે ૫૦ જેટલાં ઝૂંપડાં ઊભાં થઈ ગયાં છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ વિભાગના જણાવ્યા મુજબ, આ દબાણો દૂર થાય તો પ્રોજેક્ટની કામગીરીમાં ઝડપ આવી શકે તેમ છે તેમજ વરસાદી કાંસને પહોળો કરવાની કામગીરી પણ સરળ બની શકે છે. આ દબાણો હટાવવા માટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટના અધિકારીઓ દ્વારા અગાઉ વર્ષ ૨૦૨૫માં પણ મ્યુનિસિપલ



કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી અને ત્યારબાદ પણ વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. ગત મહિને વડોદરા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આ મુદ્દે ખાસ બેઠક યોજાઈ હતી અને ત્યારબાદ સંબંધિત અધિકારીઓએ સ્થળ મુલાકાત પણ લીધી હતી. સ્થળ મુલાકાત દરમિયાન ઝૂંપડપટ્ટીમાં રહેતા દબાણકર્તાઓને સરકારની વિવિધ આવાસ યોજનાઓ હેઠળ મકાનો ફાળવવામાં આવ્યાં હોવાની વિગતો અને તેની યાદી પણ રજૂ કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યપાલક ઈ જ નેર અને એફોર્ડેબલ હાઉસિંગ વિભાગને દબાણ દૂર કરવા તેમજ આ અંગે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિ મિટેડના ચીફ પ્રોજેક્ટ મેનેજરને જા ણ છતાં સંકલનના અભાવે અને જવાબદારીની ફેરબદલીને કારણે બુલેટ ટ્રેન સ્ટેશનની આસપાસ દબાણનો પ્રશ્ન હજુ પણ યથાવત્ છે.

હાર્વેસ્ટરના હપ્તાની ચિંતાને પગલે મોત વ્હાલુ કર્યું

પંજાબના યુવકે વણાદરાની સીમમાં જીવન ટૂંકાવ્યું..!

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના વણાદરા ગામની સીમમાં પંજાબથી રોજગારી માટે આવેલા યુવકનો ઝાડ પર લટકતો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. હાર્વેસ્ટર મશીનનો વ્યવસાય મંદ પડતાં અને મશીનના હપ્તા ભરવાની ચિંતાએ યુવકને ઘેરી લીધો હતો. આર્થિક ભીંસ અને માનસિક તણાવ વચ્ચે યુવકે આત્મઘાતી પગલું ભર્યું હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. ડભોઈ તાલુકાના વણાદરા ગામની સીમમાં એક ખેતર નજીક ઝાડ પર પંજાબના આશરે 30 વર્ષીય યુવકનો ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ખેતર નજીકથી પસાર થતા લોકોની નજર ઝાડ પર લટકતા મૃતદેહ પર પડતાં બનાવની જાણ પોલીસને કરવામાં આવી હતી. મૃતકની ઓળખ પંજાબના પટિયાલા જિલ્લાના ફતેહપુરા રાજપૂતાના ગામના રહેવાસી જસવિંદરસિંગ જનેલસિંગ મિંગ તરીકે થઈ છે. જસવિંદરસિંગ હાર્વેસ્ટર મશીનનો વ્યવસાય કરતો હતો. જોકે, છેલ્લા કેટલાક સમયથી તેનો ધંધો બરાબર ચાલતો ન હોવાથી તેમજ હાર્વેસ્ટર મશીનના હપ્તા ભરવાની જવાબદારીને કારણે તે આર્થિક ચિંતામાં રહેતો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. દરમિયાન 14 નવેમ્બરની રાત્રે નવ વાગ્યાથી 15 નવેમ્બરની સવારે આઠ વાગ્યા વચ્ચેના સમયગાળામાં મઢેલી ગામથી કુંવરવાડા તરફ જતા માર્ગ પર નવીનભાઈ રમણભાઈ પટેલના ખેતર નજીક આવેલા ઝાડ પર ગળેફાંસો ખાઈ તેણે જીવન ટૂંકાવ્યું હોવાનું સામે આવ્યું છે. વાઘોડિયા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને નીચે ઉતારી અકસ્માતે મોતનો ગુનો નોંધી યુવકના આપઘાત પાછળના કારણ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

દિવાળીમાં પોલીસની સ્પેશિયલ ડ્રાઇવ

ફટાકડા જાહેરનામા ભંગના ૩૭ અને ડ્રંક એન્ડ ડ્રાઈવના ૮૧ કેસ નોંધાયા

આગામી દિવસોમાં પણ આવી વિશેષ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે

પ્રતિબંધિત અને સમયમર્યાદા બાદ ફટાકડા ફોડનાર સામે પણ કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચના અને માર્ગદર્શન હેઠળ 1થી 15 નવેમ્બર દરમિયાન ચાલેલી આ ઝુંબેશમાં ફટાકડા જાહેરનામાનો ભંગ કરનાર સામે 37 કેસ અને નશાની હાલતમાં વાહન ચલાવનાર સામે 81 કેસ નોંધી પોલીસે કડક કાર્યવાહી કરી હતી. પોલીસ કમિશનર દ્વારા 30 ઓક્ટોબરે બહાર પાડવામાં આવેલા ફટાકડા ફોડવા અને વેચાણ અંગેના જાહેરનામાનો ભંગ કરનાર સામે પોલીસે કાર્યવાહી કરી હતી. નિર્ધારિત સમયમર્યાદા બાદ ફટાકડા ફોડવા, પ્રતિબંધિત ફટાકડાનું વેચાણ કરવા તેમજ જાહેર માર્ગો પર જોખમી રીતે ફટાકડા ફોડીને લોકોની સલામતી જોખમમાં મૂકનાર સામે 37 કેસ નોંધાયા હતા. જેમાં એ ડિવિઝનમાં 5, બી ડિવિઝનમાં 3, સી ડિવિઝનમાં 1, ડી ડિવિઝનમાં 6, ઈ ડિવિઝનમાં 10, એફ ડિવિઝનમાં 11 અને જી ડિવિઝનમાં 1 કેસ નોંધાયો હતો. બીજી તરફ દિવાળીના તહેવારો દરમિયાન દારૂ પીને વાહન ચલાવનારાઓ સામે પણ પોલીસે લાલ આંખ કરી હતી. શહેરના મુખ્ય ચાર રસ્તાઓ અને સંવેદનશીલ વિસ્તારોમાં બ્રેથ એનલાઈઝરથી ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં નશાની હાલતમાં વાહન ચલાવી પોતાનો અને અન્ય નાગરિકોનો જીવ જોખમમાં મૂકનારા વાહનચાલકો સામે એમ.વી. એક્ટ અને પ્રોહિબિશન એક્ટ હેઠળ કુલ 81 કેસ નોંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત વાહનો ડિટેઈન કરવા સહિતની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. ડિવિઝન મુજબ જોઈએ તો એ ડિવિઝનમાં 11, બીમાં 4, સીમાં 10, ડીમાં 15, ઈમાં 23, એફમાં 10 અને જી ડિવિઝનમાં 6 કેસ નોંધાયા હતા. આમ, દિવાળીના 15 દિવસ દરમિયાન ફટાકડા જાહેરનામાના ભંગ અને ડ્રંક એન્ડ ડ્રાઈવના 118 કેસ નોંધી પોલીસે તહેવારોમાં નિયમોનો ભંગ કરનારાઓ સામે કડક વલણ અપનાવ્યું હતું. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા આગામી દિવસોમાં પણ આવી વિશેષ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેમ શહેર પોલીસ દ્વારા જણાવાયું છે.

GSPCA દ્વારા સુરક્ષિત રેસ્ક્યુ

ઈંટોલા ગામમાં મગર દેખાતા ગ્રામજનોમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

ઈંટોલા ગામમાં રહેણાંક વિસ્તાર નજીક અચાનક મગર આવી ચડતા સ્થાનિક લોકોમાં ભય અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. જોકે, જીવદયા સંસ્થા અને વન વિભાગની સમયસૂચકતાને કારણે મગરનું સુરક્ષિત રેસ્ક્યુ કરી લેવાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઈંટોલા ગામમાં લોકોની અવરજવર ધરાવતા વિસ્તારમાં અચાનક એક મહાકાય મગર જોવા મળ્યો હતો. મગર દેખાતા જ ગ્રામજનોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સ્થાનિક જાગૃત નાગરિકોએ તાત્કાલિક જીવદયા સંસ્થા અને વન વિભાગને આ અંગે જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ જીએસપીસીએના કાર્યકરો રેસ્ક્યુ સાધનો સાથે તાત્કાલિક ઘટનાસ્થળે



દોડી આવ્યા હતા. કાર્યકરોએ ભારે જહેમત બાદ અંદાજે ચાર ફૂટ લાંબા મગરને કોઈ પણ પ્રકારની ઈજા પહોંચાડ્યા વિના સફળતાપૂર્વક પાંજરે પૂર્યો હતો. મગરનું રેસ્ક્યુ થયા બાદ ગ્રામજનોમાં ફેલાયેલો ડર દૂર થયો હતો. ત્યારબાદ જીએસપીસીએના કાર્યકરો દ્વારા આ મગરને કાયદેસરની કાર્યવાહી માટે વન વિભાગને સોંપી દેવામાં આવ્યો હતો.

ડિજિટલ અરેસ્ટની ધમકી આપી ૨.૦૪ કરોડની છેતરપિંડી આચરી હતી

આરોપી રાતોરાત કરોડપતિ બનવાની લાલચમાં સાયબર ઠગાઈના રવાડે

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

શહેરમાં પોલીસ ઈન્સ્પેક્ટર હોવાની ખોટી ઓળખ ધારણ કરી નાગરિકોને વીડિયો કોલ કરીને મની લોન્ડરિંગ, સીબીઆઈ અને ડ્રગ્સ કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. ચાર ગંભીર ગુનાઓમાં કુલ રૂ.2.04 કરોડની છેતરપિંડીના કેસમાં નાસતા ફરતા આરોપી બ્રિજેશ રામચંદ્ર પટેલને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે વાસદ ટોલનાકા પાસેથી ઝડપી પાડ્યો છે. આર્કિટેક્ટનો અભ્યાસ કરેલો અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય ધરાવતો આરોપી રાતોરાત કરોડપતિ બનવાની લાલચમાં સાયબર ગુનાખોરીના રસ્તે વળ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. અકોટા પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરતાં ત્રણ દિવસના



રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમને ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સ મારફતે બાતમી મળી હતી કે, અકોટા અને પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં વોન્ટેડ બ્રિજેશ રામચંદ્ર પટેલ વાસદ ટોલનાકા પાસેથી પસાર થવાનો છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડ્યો હતો.

આરોપી બ્રિજેશ પટેલ મકરપુરાની નીલકંઠ રેસિડેન્સીમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ખુલાસો થયો છે કે, આરોપી માત્ર વડોદરા શહેર પૂરતો જ નહીં, પરંતુ કચ્છ જિલ્લાના આદિપુર અને ગાંધીધામ વિસ્તારમાં પણ સાયબર ઠગાઈના ગુનાઓમાં સક્રિય હતો. તે પોલીસ ઈન્સ્પેક્ટરની ખોટી ઓળખ આપીને નાગરિકોને વીડિયો કોલ કરતો હતો અને તેમના નામે મની લોન્ડરિંગ, સીબીઆઈ કે ડ્રગ્સ સંબંધિત ગુના નોંધાયા હોવાની ધમકી આપતો હતો.

ત્યારબાદ ડિજિટલ અરેસ્ટના નામે ભયનો માહોલ ઊભો કરી લાખો રૂપિયા પડાવતો હતો. આ પ્રક્રિયા દરમિયાન ફરિયાદીઓને વારંવાર માનસિક ત્રાસ પણ આપવામાં આવતો હતો.